Extra No. 51

વાર્ષિક લવાજમનો દર રૂ. ૪૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIX ] THURSDAY, AUGUST 16, 2018/SRAVANA 25, 1940

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART I

## CENTRAL SECTION

**Government Notification and Appointment etc.**

### GENERAL ADMINISTRATION DEPARTMENT

**Notification**

Sachivalaya, Gandhinagar, 16th August, 2018.

**NO: GS/26/DIP/102018/GOI - 378/GH:-** The Government of Gujarat has to record with profound regret the sudden death of Shri Atal Bihari Vajpayeejee, Former Prime Minister of India on Thursday, 16th August, 2018 at New Delhi.

Bharat Ratna Shri Atal Bihari Vajpayeejee was a highly respected veteran politician who had served as the Prime Minister of India. He was a member of the Indian Parliament for almost five decades; He made his foray into politics during the pre-independence era when he took part in the Quit India Movement which led to his arrest and imprisonment. A true patriot, he was one of the founding members of the erstwhile Bharatiya Jana Sangh. A multi-faceted personality, he was a very skilled poet with several published poems. Also well known is his love for his native language Hindi—he was the first person to deliver a speech in Hindi at the U.N. General Assembly. He was very famous for his oratory skills and held several prestigious positions in Indian politics before being elected as the Prime minister. He was a statesman politician and provided exceptional leadership to the nation. His speeches reflect a sense of humour and seriousness on the subject he spoke. He used to combine poetry in his all speeches. People used to go on leave only to hear him. He was respected by all the sections of socicty including leaders of opposition.

- Atal Bihari Vajpayeejee was born into a middle-class family in Gwalior. His father was Krishna Bihari Vajpayee, a school teacher and poet, and his mother was Krishna Devi.
- He attended the Saraswati Shishu Mandir and later went to Victoria College, Gwalior from where he graduated with distinction in Hindi, English and Sanskrit.
- He enrolled at DAV College, Kanpur to complete his post graduation and earned his M.A. in Political Science.
- He was a patriot at heart and participated in India's struggle for freedom even as a student and edited several nationalist Hindi newspapers.

**Political Career**

- Vajpayeejee became associated with the Bharatiya Jana Sangh (BJS), a political party founded by Shri Syama Prasad Mookerjee in 1951. He became a loyal follower of Mookherjee and supported him during his fast-unto-death in Kashmir in 1954.
- He was elected to the Lok Sabha for the first time from Balrampur (U.P.) in 1957. He proved himself to be an excellent orator and gave powerful speeches.
- He was made the national president of the Jana Sangh in 1968 after the death of Pandit Deendayal Upadhyaya. Over the next few years he worked tirelessly with Shri Nanaji Deshmukh, Shri Balraj Madhok and Shri Lal Krishna Advani to make the Jana Sangh a prominent presence in Indian politics.
- In 1977, the BJS was united with the Bharatiya Lok Dal and the Socialist Party to form the Janata Party. After the victory of the Janata Party in the general elections, Vajpayeejee became the Minister of External Affairs in Prime Minister Morarji Desai's Government.
- The Janata Party was dissolved following Morarji Desai's resignation as Prime Minister in 1979. Vajpayeejee, in collaboration with Shri Lal Krishna Advani and Shri Bhairon Singh Shekhawat formed the Bharatiya Janata Party (BJP) in 1980 and became the party's first president.
- He became the Leader of the Opposition in Parliament in 1993 and in November 1995 at a BJP conference in Mumbai, he was declared as the Prime Ministerial candidate of BJP.
- After the 1984 elections, when BJP was reduced to two seats, Vajpayeejee worked tirelessly to build the party and in the next parliamentary elections in 1989 BJP won 88 seats.
- By 1991, BJP had emerged as the principal opposition party and the party won 120 seats in 1991 parliamentary elections.

**Career as the Prime Minister**

- The BJP emerged as the single largest party in Lok Sabha in the 1996 general elections. Vajpayeejee was sworn in as the Prime Minister in May 1996. He was again sworn in as the Prime Minister in 1998 after BJP emerged as the single largest party and formed the National Democratic Alliance (NDA) with other political parties. This Government lasted for a little over a year when fresh elections were held.

- It was during his tenure that India conducted underground nuclear tests in Pokhran in May 1998, just a month after the Government came into power. These tests are regarded as a national milestone.
- The Kargil War between India and Pakistan took place between May and July 1999. By the end of the war, the Indian Army and Air force had recaptured the areas infiltrated by the Pakistani militants. The Kargil victory cemented the reputation of Vajpayeejee as a strong and able leader of the nation.
- The BJP-led NDA again emerged as the largest political alliance in the 1999 general elections in the wake of the Kargil War victory. Vajpayeeji was made the Prime Minister for the third time in October 1999.
- He introduced many economic and infrastructural reforms like strengthening of the private sectors, encouraging private research and development, bringing about privatization of certain Government owned corporations, etc. His major projects were National Highway Development Project and Pradhan Mantri Gram Sadak Yojana.
- U.S. President Bill Clinton paid a state visit to India in March 2000. Clinton's visit to India was viewed as very significant in improving the foreign trade and economic relations between the two nations.
- In 2001, he invited the Pakistani President Pervez Musharraf to India with a view to improve Indo-Pak relations
- He launched the Sarva Shiksha Abhiyan in 2001, with the aim of universalization of elementary education.
- The Parliament House in New Delhi was attacked in December 2001 by Pakistan trained terrorists. Investigations pointed to a conspiracy hatched in Pakistan. For a long time the threat of a full-fledged war between the two nations loomed. The Prevention of Terrorism Act, 2002 (POTA) was enacted in the aftermath of the attack.
- The Vajpayeejee Government implemented several economic reforms during 2002-03 which resulted in a record growth rate of 6-7% in the GDP. The international image of India also improving due to the rapid developments that took place in the country during this perios.

**Major Works**

- Nuclear tests conducted in 1998 during his reign unambiguously established India as a nuclear state and the country was able to develop a minimum credible deterrent to ward off threats to its security.
- The National Highways Develop Project (NHDP) and Pradhan Mantri Gram Sadak Yojana (PMGSY) were two projects that were very close to his heart. NHDP involves connecting the four major cities of Delhi, Mumbai, Chennai and Kolkata. PMGSY is a nationwide plan to provide good all-weather road connectivity to unconnected villages.
- He is highly respected for the economic reforms and privatization campaigns he brought about during his tenure as the Prime Minister of India. His diplomacy and leadership while handling political issues during the Kargil War and terrorist attacks further strengthened his image as a wise and capable leader of India.

**Personal Life & Legacy**

- Vajpayeejee was a bachelor. He has one adopted daughter, Namita, and was very close to his friends and relatives.
- He had a deep love for the Hindi language and has written several poems.
- His birthday on 25th December has been declared as 'Good Governance Day'.
- He was awarded country's highest decorum "Bharat Ratna" in 2015.

**Trivia**

- The then Prime Minister Dr. Manmohan Singh called him the Bhishma Pitamah of Indian Politics.
- His favourite singers were Lata Mangeshkar, Mukesh and Mohd. Rafi.
- This towering political personality is the only parliamentarian to have been elected from four different states at different times namely UP, MP, Gujarat and Delhi.

In the sad demise of Bharat Ratna Shri Atal Bihari Vajpayeejee, the nation has suffered an irreparable loss.

By order and in the name of the Governor of Gujarat,

**DR. J. N. SINGH,**
Chief Secretary
Government of Gujarat.

**સામાન્ય વહીવટ વિભાગ**

**જાહેરનામું**

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ઓગષ્ટ, ૨૦૧૮

**ક્રમાંક:જીએસ/૨૬/ડીઆઈપી/૧૦૨૦૧૮/જીઓઆઈ-૩૭૮/ઘ:-** ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપાઈજીના તા.૧૬મી ઓગષ્ટ, ૨૦૧૮ને ગુરૂવારના રોજ નવી દિલ્હી ખાતે થયેલ આકસ્મિક અવસાનની ગુજરાત સરકાર અત્યંત ખેદ સાથે નોંધ લે છે.

ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપાઈજી એક ઉચ્ચ આદરણીય પીઢ રાજકારણી હતા જેમણે ભારતના વડાપ્રધાન તરીકે સેવા આપી હતી. લગભગ પાંચ દશક સુધી તેઓ ભારતની સંસદના સભ્ય રહ્યા હતાં. આઝાદી પહેલાંના સમયમાં તેઓએ ભારત છોડો ચળવળમાં ભાગ લઈને રાજકારણમાં કદમ માંડ્યા હતાં, જેમાં તેમની ધરપકડ થઈ હતી અને તેમને જેલ થઈ. એક સાચા દેશભક્ત એવા તેઓ પહેલાના ભારતીય જનસંઘના સ્થાપક સભ્યો પૈકીના એક હતાં. તેઓ બહુમુખી પ્રતિભા ધરાવતા એક કુશળ કવિ હતાં. જેમની કેટલીક કવિતાઓ પ્રસિધ્ધ થયેલી હતી. તેમનો માતૃભાષા હિન્દી પ્રત્યેનો પ્રેમ પણ ખૂબ જાણીતો હતો. સંયુક્ત રાષ્ટ્રની મહાસભા ખાતે હિન્દીમાં ભાષણ આપનાર તેઓ પ્રથમ વ્યક્તિ હતાં. શ્રી વાજપાઈજી વકતૃત્વ કૌશલ માટે ખૂબ જાણીતા હતાં અને વડાપ્રધાન બનતાં પહેલાં ભારતીય રાજકારણમાં ઘણા પ્રતિષ્ઠિત હોદ્દા ધરાવતા હતાં. તેઓ કુશળ રાજદ્વારી અને રાજકારણી હતા, જેમણે રાષ્ટ્રને અદ્વિતિય નેતૃત્વ પ્રદાન કર્યું છે. તેમના વ્યકતવ્યોમાં વિષયને અનુરૂપ રમુજવૃત્તિ અને ગાંભિર્ય ઝળકતા હતાં. તેમના દરેક ભાષણોમાં કાવ્ય પંક્તિઓને સાંકળી લેતા હતાં. અનેક લોકો રજા મુકીને પણ તેમનું પ્રવચન સાંભળવા જતાં. વિરોધપક્ષના નેતા સહિત તમામ સમાજના સભ્યો દ્વારા તેમને સન્માન આપવામાં આવતું હતું.

**બાળપણ અને પ્રારંભિક જીવન**

- શ્રી અટલ બિહારી વાજપાઈજી ગ્વાલિયરમાં મધ્યમ વર્ગના કુટુંબમાં જન્મ્યાં હતાં. તેમના પિતા ક્રિષ્ન બિહારી વાજપાઈ શાળાના શિક્ષક અને કવિ હતાં અને માતા ક્રિષ્ના દેવી હતાં.
- તેઓએ સરસ્વતી શિશુ મંદિરમાં અને ત્યાર પછી ગ્વાલિયરની વિક્ટોરિયા કોલેજમાં અભ્યાસ કર્યો અને ત્યાંથી હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃતમાં ડિસ્ટીંકશન સાથે સ્નાતક થયાં.
- કાનપુર ખાતે ડી.એ.વી. કોલેજમાં પ્રવેશ મેળવી તેઓએ અનુસ્નાતકનો અભ્યાસ પૂર્ણ કર્યો અને પોલિટિકલ સાયન્સમાં એમ.એ.ની પદવી મેળવી.
- હૃદયથી શ્રી વાજપાઈજી કવિ હતાં અને વિદ્યાર્થી તરીકે તેમણે ભારતના સ્વાતંત્રતા સંગ્રામમાં ભાગ લીધો તેમજ કેટલાક રાષ્ટ્રવાદી હિન્દી વર્તમાનપત્રોનું સંપાદન પણ કર્યું હતું.

**રાજકીય કારકિર્દી**

- ઈ.સ.૧૯૫૧માં તેઓશ્રી શ્યામા પ્રસાદ મુખરજી સ્થાપિત રાજકીય પક્ષ – ભારતીય જનસંઘ (બીજેએસ) સાથે જોડાયા અને મુખરજીના ચુસ્ત અનુયાયી બન્યાં તેમજ ૧૯૫૪માં કાશ્મીર ખાતેના તેઓના આમરણાંત ઉપવાસમાં સહયોગી બન્યા.
- વાજપાઈજી, સૌપ્રથમ ૧૯૫૭માં બલરામપુર (ઉત્તરપ્રદેશ) ખાતેથી લોકસભામાં ચૂંટાયા. તેઓશ્રીએ પોતાને ઉત્કૃષ્ટ વક્તા સાબિત કર્યા અને ઉત્તમ પ્રવચનો આપ્યાં.
- પંડીત દીનદયાળ ઉપાધ્યાયના અવસાન પછી ૧૯૬૮માં તેઓને જનસંઘના પ્રમુખ બનાવવામાં આવ્યાં. પછીના કેટલાંક વર્ષો જનસંઘની ભારતીય રાજકારણમાં નોંધપાત્ર હાજરી અપાવવા તેમણે અથાગપણે શ્રી નાનાજી દેશમુખ, શ્રી બલરાજ મધોક અને શ્રી લાલકૃષ્ણ અડવાણી સાથે કામ કર્યું.
- ૧૯૭૭માં ભારતીય જનસંઘ, ભારતીય લોકદળ અને સોશિયાલીસ્ટ પાર્ટી સાથે મળીને જનતા પાર્ટી બનાવી. સામાન્ય ચૂંટણીમાં જનતા પાર્ટીના વિજય પછી વડાપ્રધાન મોરારજી દેસાઈની સરકારમાં શ્રી વાજપાઈજી વિદેશપ્રધાન બન્યા.
- ૧૯૭૯માં મોરારજી દેસાઈએ વડાપ્રધાન તરીકે રાજીનામું આપ્યું તે પછી જનતા પાર્ટીનું વિભાજન થયું હતુ. શ્રી વાજપાઈજીએ શ્રી લાલકૃષ્ણ અડવાણી અને શ્રી ભૈરોસિંહ શેખાવતના સહકારથી ૧૯૮૦માં ભારતીય જનતા પાર્ટી (બીજેપી)ની રચના કરી અને પાર્ટીના પ્રથમ પ્રમુખ બન્યાં.
- ઈ.સ.૧૯૯૩માં તેઓશ્રી સંસદમાં વિરોધપક્ષના નેતા બન્યા અને નવેમ્બર, ૧૯૯૫માં મુંબઈ ખાતે ભારતીય જનતા પાર્ટીના સંમેલનમાં તેઓને ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યાં.
- ૧૯૮૪ની ચૂંટણીઓ બાદ ભારતીય જનતા પાર્ટી બે બેઠક સુધી સિમિત રહી હતી ત્યારે શ્રી વાજપેઈજીએ થાક્યા વગર પક્ષના નિર્માણનું કાર્ય કર્યું હતું અને ત્યાર પછી ૧૯૮૯ની સંસદની ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટી ૮૮ બેઠકો પર વિજેતા બની હંતી.
- ૧૯૯૧ સુધીમાં ભા.જ.પા. એક મુખ્ય વિરોધપક્ષ તરીકે ઊભરી આવ્યો અને ૧૯૯૧ની સંસદની ચૂંટણીઓમાં તે ૧૨૦ બેઠકો પર વિજેતા બન્યો.

**વડાપ્રધાન તરીકેની કારકિર્દી**

- ૧૯૯૬ની લોકસભાની સામાન્ય ચૂંટણીઓમાં ભા.જ.પા. સૌથી મોટો પક્ષ જાહેર થયો. મે ૧૯૯૬માં શ્રી વાજપેઇજીએ વડાપ્રધાન તરીકે શપથ લીધા. ૧૯૯૮માં ભા.જ.પા. ફરીથી સૌથી મોટો પક્ષ જાહેર થયો અને અન્ય પક્ષો સાથે મળીને નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ)ની રચના થયા બાદ ફરી ૧૯૯૮માં તેઓએ વડાપ્રધાન તરીકે શપથ લીધા. તેઓની સરકાર એક વર્ષ કરતાં થોડા વધુ સમય સુધી રહી અને નવી ચૂંટણીઓ જાહેર થઇ.
- મે, ૧૯૯૮માં તેઓના કાર્યકાળ દરમિયાન સત્તામાં આવ્યાના ફક્ત એક માસમાં ભારતે પોખરણ ખાતે ભૂગર્ભ અણુપરીક્ષણો કર્યા. આ પરીક્ષણોને રાષ્ટ્રીય સીમાચિહ્ન માનવામાં આવે છે.
- મે અને જુલાઇ, ૧૯૯૯ દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું. યુદ્ધના અંતે ભારતીય સેના અને હવાઇદળે પાકિસ્તાની સૈન્ય દ્વારા ઘુસણખોરી કરવામાં આવેલા વિસ્તારો પરત મેળવ્યા. કારગીલ વિજયના કારણે શ્રી વાજપેઇજીની રાષ્ટ્રના સશક્ત અને સમર્થ નેતા તરીકેની પ્રતિષ્ઠા મજબૂત બની.
- ૧૯૯૯ની સામાન્ય ચૂંટણીઓમાં કારગીલ યુદ્ધના વિજયના પગલે ભા.જ.પા.ની આગેવાનીમાં એનડીએ સૌથી મોટું રાજકીય ગઠબંધન જાહેર થયું. ઓક્ટોબર ૧૯૯૯માં શ્રી વાજપેઇજી ત્રીજી વખત વડાપ્રધાન બન્યા.
- તેઓશ્રીએ ખાનગી ક્ષેત્રોને મજબૂત બનાવવા, ખાનગી સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવું, સરકારી માલિકીના કેટલાક નિગમોનું ખાનગીકરણ કરવું વગેરે જેવા ઘણા આર્થિક અને માળખાકીય સુધારાઓ દાખલ કર્યા. રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિકાસ પરિયોજના અને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના તેઓશ્રીની મુખ્ય પરિયોજનાઓ હતી.
- માર્ચ, ૨૦૦૦માં યુ.એસ.ના પ્રમુખ બિલ ક્લિન્ટને ભારતની રાજદ્વારી મુલાકાત લીધી. ક્લિન્ટનની ભારતની મુલાકાતને બે રાષ્ટ્રો વચ્ચે વિદેશ વેપાર અને આર્થિક સંબંધોમાં મહત્ત્વની સુધારણા તરીકે જોવામાં આવી હતી.
- ૨૦૦૧માં તેઓશ્રીએ ભારત-પાક સંબધો સુધારવાના હેતુથી પાકિસ્તાની પ્રમુખ પરવેઝ મુશર્રફને ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું.
- તેઓશ્રીએ ૨૦૦૧માં પ્રારંભિક શિક્ષણનું વૈશ્વીકરણ કરવાના હેતુથી સર્વ શિક્ષા અભિયાનની શરૂઆત કરી હતી.
- પાકિસ્તાન દ્વારા તાલીમ પામેલા આતંકવાદીઓ દ્વારા ડિસેમ્બર ૨૦૦૧માં નવી દિલ્હીના સંસદભવન પર હુમલો કરવામાં આવ્યો અને આ ષડયંત્ર પાકિસ્તાનમાં ઘડાયું હોવાનું તપાસમાં બહાર આવ્યું. ઘણા સમય સુધી બન્ને રાષ્ટ્રો વચ્ચે સંપૂર્ણ યુદ્ધ થવાનું જોખમ તોળાયેલું રહ્યું હતું. આ હુમલા પછી આતંકવાદ નિવારણ અધિનિયમ, ૨૦૦૨(પોટા) ઘડવામાં આવ્યો.
- ૨૦૦૨-૦૩ દરમિયાન શ્રી વાજપેઇજીની સરકારે કેટલાક આર્થિક સુધારા દાખલ કર્યા જેના પરિણામે એકંદર આંતરિક ઉત્પાદનમાં ૬-૭%ના દરે રેકર્ડરૂપ વૃદ્ધિ થઇ. આ સમયગાળા દરમિયાન દેશમાં થયેલા ઝડપી વિકાસના કારણે ભારતની આંતરરાષ્ટ્રીય છબીમાં સુધારણા થઇ રહી હતી.

**મુખ્ય કાર્યો :**

- તેઓશ્રીના શાસન દરમિયાન ૧૯૯૮માં કરવામાં આવેલ પરમાણુ પરીક્ષણોએ સુસ્પષ્ટ રીતે ભારત દેશને પરમાણુ રાષ્ટ્ર તરીકે સ્થાપિત કર્યુ અને ભારત દેશ તેની સલામતીના ભયને ટાળવા વધુમાં વધુ વિશ્વસનીય નિવારક રાષ્ટ્રનો વિકાસ કરવા સક્ષમ હતો.

- રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિકાસ પરિયોજના (એનએચડીપી) અને પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના (પીએમજીએસવાય); આ બે પરિયોજનાઓ કે જે તેમના હૃદયને ખૂબજ સ્પર્શતી હતી. એનએચડીપીમાં દિલ્હી, મુંબઇ, ચેન્નઈ અને કલકત્તા ચાર મુખ્ય શહેરોના જોડાણનો સમાવેશ થાય છે.

- પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના બિનજોડાણ ગામોના યોગ્ય બારમાસી માર્ગ જોડાણ પૂરું પાડતી રાષ્ટ્રવ્યાપી યોજના છે.

- ભારતના વડાપ્રધાન તરીકેના તેઓશ્રીના કાર્યકાળ દરમિયાન તેઓશ્રીએ કરેલ આર્થિક સુધારા અને ખાનગીકરણ અભિયાનો માટે તેઓશ્રીને ખૂબ જ માનસન્માન મળ્યુ છે. કારગીલ યુદ્ધ અને આતંકવાદી હુમલા દરમિયાન રાજકીય બાબતોનાં સંચાલન વખતે તેની રાજનીતિ અને નેતૃત્વે ભારતના દૂરંદેશી અને સક્ષમ રાજનેતા તરીકેની તેમની છાપને વધુ દ્રઢ કરી છે.

**અંગત જીવન અને વારસો**

- વાજપાઇજી અપરણિત હતાં. તેમને નમિતા નામની એક દત્તકપુત્રી છે જે તેમના મિત્રો અને સંબંધીઓ સાથે ખૂબ જ નજીકનો નાતો ધરાવે છે.
- તેઓને હિંદી ભાષા પ્રત્યે ઊંડો પ્રેમ હતો અને હિન્દીમાં અનેક કાવ્ય રચનાઓ પણ કરી છે.
- તા.૨૫મી ડીસેમ્બરના રોજ તેમના જન્મ દિવસને "સુશાસન દિવસ" તરીકે જાહેર કરવામાં આવેલ છે.
- તેમને દેશના સર્વોચ્ચ સન્માન "ભારતરત્ન"થી ઇ.સ. ૨૦૧૫માં સન્માનિત કરવામાં આવ્યા હતા.

**પ્રકીર્ણ**

- ભૂતપૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંઘે તેઓશ્રીને ભારતીય રાજકારણના ભીષ્મ પિતામહનું બિરુદ આપ્યું.

- શ્રી વાજપાઇજીના પ્રિય સંગીતકારો લતા મંગેશકર, મુકેશ અને મોહમ્મદ રફી હતાં.

- આ ઉચ્ચ રાજકીય વ્યક્તિત્વ જુદા જુદા સમયે જુદા જુદા ચાર રાજયો એટલે કે ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ગુજરાત અને દિલ્હીમાંથી ચૂંટાયેલ એકમાત્ર સાંસદ હતાં.

ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેઇજીના દુ:ખદ અવસાનથી સમગ્ર દેશને કયારેય ભરપાઇ ન થઇ શકે તેવી ખોટ પડી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**ડૉ. જે. એન. સિંહ,**
મુખ્ય સચિવ
ગુજરાત સરકાર.

---------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.